કેસ દાખલ તારીખઃ ૧૦/૦૮/૨૦૨૨
રજી.થયા તારીખઃ ૧૦/૦૮/૨૦૨૨
ફેસલ કર્યા તારીખઃ ૦૩/૦૩/૨૦૨૩
સમય ગાળોઃવર્ષ . માસ . દિવસ .

**બાવળા મહે.એડી.સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી કોર્ટમાં, બાવળા.**

ફો.કે.નંબરઃ ૧૦૮૪/૨૦૨૨.
આંકઃ ૧૩

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.
(બગોદરા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૧૯૨૦૧૦૨૨૦૦૯૧/૨૨)

<u>વિ રૂ ધ્ધ.</u>

**આરોપીઃ–** છનાભાઈ નાનુભાઈ પગી., ઉ.વ.૩૨
રહે–પગીવાસ, શિયાળ, તા.બાવળા, જી.અમદાવાદ ગ્રામ્ય .

**<u>ગુનોઃ પ્રોહી. એકટની કલમઃ ૬૫(એફ)મુજબ.</u>**

શ્રી સરકાર તરફે એ.પી.પી.શ્રી તેજલબેન શાહ

આરોપી તરફે વિ.વ.શ્રી એન.જી.વાળા

**<u>–ઃ ઠ રા વ ઃ–</u>**

(૧) ફરિયાદપક્ષનાં કેસની ટુકમાં હકિકત એવી છે કે, આરોપીએ તા.૦૪/૦૫/૨૦૨૨ ના રોજ કલાક ૧૯/૩૦ વાગ્યે પોતાના કબજા ભોગવટામાં ગેરકાયદસર વગર પાસપરમીટે દેશી દારૂ ગાળવાનો વોશ લીટર–૪૦૦ કિં.રૂ.૮૦૦/–નો રાખી રેઈડ દરમિયાન હાજર નહી મળી આવી પ્રોહી.એક્ટની કલમ–૬૫(એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જે ફરિયાદ ફરિયાદીએ બગોદરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ફરીયાદીના ફરીયાદના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૭૩ અન્વયે અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ કામના આરોપી જામીન મુક્ત હોય, અત્રેની કોર્ટને ક્રિમીનલ પ્રોસીઝર કોડની જોગવાઈ અન્વયે કોગ્નીઝન્સ લેવાની સત્તા હોય, આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરુધ્ધનો ગુનો વોરંટ ટ્રાયેબલ હોય આરોપીને ગુનાની હકીકતોને વાંચી સંભળાવી, સમજાવી આરોપી વિરુધ્ધ આંક-૮ થી તહોમતનામું ફરમાવી ત્યારબાદ આંક-૯ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલી. આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવાની વિનંતી કરેલી તેથી ફરિયાદપક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **(એ) મૌખિક પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | પંચ સાહેદ -વિષ્ણુભાઈ હરીભાઈ પઢારની જુબાની | ૦૫ |
| ૨ | પંચ સાહેદ -ઈશ્વરભાઈ રામસીંગભાઈ પઢારની જુબાની | ૦૭ |
| ૩ | ત.ક.અમલદાર-અ.હેડ.કો.દિનેશભાઈ ધીરૂભાઈ બ.નં.૧૧૪૯ની જુબાની | ૧૧ |

| **(બી) દસ્તાવેજી પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | પંચનામુ | ૦૬ |
| ૨ | ફરિયાદ | ૧૨ |

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષની મૌખિક વિનંતીથી તેમનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોર્ડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપી નિર્દોષ હોવાનો અને પુરાવો ખોટો હોવાનો બચાવ લીધેલ

છે. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૫) ઉપરોક્ત હકીકતે કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૪/૦૫/૨૦૨૨ ના રોજ કલાક ૧૯/૩૦ વાગ્યે પોતાના કબજા ભોગવટામાં ગેરકાયદસર વગર પાસપરમીટે દેશી દારૂ ગાળવાનો વોશ લીટર-૪૦૦ કિં.રૂ.૮૦૦/-નો રાખી રેઈડ દરમિયાન હાજર નહી મળી આવી પ્રોહી.એક્ટની કલમ-૬૫(એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાની નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

## -ઃ કારણો ઃ-

મુદ્દા નંબરઃ-૧.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે આંક-૦૫ થી પંચ સાહેદ વિષ્ણુભાઈ હરીભાઈ પઢાર તથા આંક-૦૭ થી પંચ સાહેદ ઈશ્વરભાઈ રામસીંગભાઈ પઢારનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમના મારફતે આંક-૦૬ થી પંચનામુ રજુ થયેલ છે. તેઓના પુરાવા મુજબ તા.૦૪/૦૫/૨૦૨૨ ના રોજ પોલીસે રસ્તામાં તેઓની એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી, તેઓ સહી કર્યા સિવાય તેઓ કાંઈ જાણતા નથી. પોલીસે તેઓની રૂબરૂ કોઈ દેશી દારુ બનાવવાનો વોશ કબજે લીધેલ નહિ. તેઓ આંક-૦૬નુ પંચનામુ જોઈ તેમાં ફક્ત પોતાની સહીજ ઓળખી બતાવેલ છે તેમ જુબાનીમાં જણાવે છે. જેથી પંચ સાહેદો ફરિયાદપક્ષને સમર્થન આપતા ના હોય. પંચસાહેદોના પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ કર્તા હોવાનુ માની શકાય નહી. આમ, પંચનામામાં ફક્ત સહી કરેલાનું જણાવેલ છે.

જેથી આંક–૦૬નું પંચનામુ કે જે આરોપી પાસેથી પ્રતિબંધીત દારૂ બનાવવાનો વોશ કબજે કરેલ છે તે ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ પુરવાર થતું નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવો ન્યાયીક જણાય છે.

(૮) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૧ થી ત.ક.અમલદાર અ.હેડ.કો.દિનેશભાઈ ધીરૂભાઈ બ.નં.૧૧૪૯નાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૪/૦૫/૨૦૨૨ ના રોજ આ કામના ફરિયાદી શ્રી વી.ડી. મેટાલીયા પો.કો. તથા તેમની સાથે અન્ય પોલીસ સ્ટાફના માણસો વુ.હેડકો. હિરલબેન રમેશભાઈ, વુ.હે.કો. શિલ્પાબેન સવજીભાઈ, અ.લો.ર. વિપુલભાઈ વિભાભાઈ તથા તેઓ પ્રોહી.ના પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળેલ કે, શિયાળ ગામમાં ખડાણ નામથી ઓળખાતી જગ્યાની પાછળ આવેલ પડતર જમીનમાં છનાભાઈ નાનુભાઈ પગી કે જે આ કામના આરોપી છે તેઓ જમીનમાં ખેડાણ કરી દેશી દારૂ ગાળવાનો ધંધો કરે છે. જે હકીકત આધારે નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી સ્થાનીક જગ્યાએ પ્રોહી. અંગે રેઈડ કરતાં સદરહું બાતમી વાળી જગ્યાએ કોઈ મળી આવેલ નહિ પરંતુ પંચો સાથે ખેતરમાં તપાસ કરતાં જમીનમાં ૮ પ્લાસ્ટીકના કેરબા જેમાં કુલ ૪૦૦ લીટર જેટલો દેશી દારૂ ગાળવાનો વોશ મળી આવેલ જેની કિં.રૂ.૮૦૦– ગણાય. જેમાંથી થોડો થોડો દારૂનો વોશ સેમ્પલ અર્થે એક કાચની બોટલમાં ભરી લઈ બગોદરા પો.સ્ટેશનનું પાકું શીલ કરી સેમ્પલની કિંમત રૂ.૦૦/– ગણી ઉપરોક્ત વિગતે તપાસ અર્થે કબજે લઈ એફ.એસ.એલ.માં મોકલી આપેલ અને વિગતવારનું પંચનામું કલાક ૧૯/૦૦ થી ૧૯/૩૦ સુધીનું કરેલું. જે પંચનામું આંક–૬ થી રજુ છે તેમાં પંચોની તથા રૂબરૂમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવેલ છે. આરોપી વિરુધ્ધ ફરિયાદ શ્રી વી.ડી.મેટાલીયા પો.કો.એ આપેલી. જે અસલ એફ.આઈ.આર. તેઓને બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવેલ છે. જે આંક–૧૨ થી રજુ રાખેલ છે. ત્યારબાદ આ કામની આગળની તપાસ તેઓએ સંભાળી લઈ લાગતાં–વળગતાં સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ, નામ કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, સરકારી કામ અર્થે પોલીસ સ્ટેશનથી બહાર પેટ્રોલીંગમાં નીકળેલા ત્યારે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવી કરેલી નથી. બનાવના દિવસે આ ગુના સીવાય અન્ય કોઈ કામગીરી કરેલી હોય તો હાલ તેઓને યાદ નથી. તેઓ પેટ્રોલીંગમાં એક ખાનગી બાઈક તથા

એક એક સરકારી વાહનમાં નીકળેલા. તેઓએ સરકારી વાહનની લોગ–બુકમાં નોંધ કરેલી. તેઓ પેટ્રોલીંગમાં નીકળ્યા અને ફરિયાદ પંચનામાવાળી જગ્યાએ પહોંચ્યા તે દરમિયાન કોઈની પુછપરછ કરવાનું થયેલું નહિ. જે જગ્યાએથી મુદ્ધામાલ વોશ પકડાયેલ તે જગ્યા જાહેર ખુલ્લી જગ્યા હતી. હાલના કામે બનાવ બન્યા બાદ સ્થળ ઉપર ગયેલ નહિ. ફરિયાદ પંચનામાવાળી જગ્યાએ ત્યાં કોઈ વ્યક્તિ હાજર મળી આવેલ નહિ. આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ પ્રતિબંધીત મુદ્ધામાલ વોશ પકડેલ નથી ખુલ્લી જગ્યામાંથી મળેલ છે. તેઓ બનાવના અનુસંધાને ફક્ત પોલીસ સાહેદોના નિવેદનો લીધેલા બનાવ સ્થળેથી કોઈ ત્રાહિત પક્ષનું નિવેદન લીધેલ નથી.

ફરિયાદપક્ષે આંક–૧૧ થી ત.ક.અમલદાર અ.હેડ.કો.દિનેશભાઈ ધીરૂભાઈ બ.નં.૧૧૪૯ને તપાસેલા છે કહેવાતા બનાવ સમયે તેઓ રેઈડમાં હાજર હતા. ફરિયાદપક્ષ તરફે ત.ક.અમલદારનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સરકારી કામ અર્થે પોલીસ સ્ટેશનથી બહાર પેટ્રોલીંગમાં નીકળેલા ત્યારે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી નથી. બનાવના દિવસે આ ગુના સીવાય અન્ય કોઈ કામગીરી કરેલી હોય તો હાલ તેઓને યાદ નથી. તપાસના અર્થે તેઓ પેટ્રોલીંગમાં સરકારી વાહનના નીકળેલા તેના નંબર તેઓએ જણાવેલ નથી. તપાસના કામે ફરિયાદ કે પંચનામાવાળી જગ્યાએ કોઈની પૂછપરછ કરવાની થયેલી નહિ. જે જગ્યાએથી મુદ્ધામાલ વોશ પકડાયેલ તે જગ્યા જાહેર ખુલ્લી જગ્યા હતી તેમ છતાં સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. ફરિયાદમાં સરકારી વાહનનો નંબર જણાવેલ નથી. કહેવાતી બાતમી ચોક્કસ કઈ જગ્યાએ મળી અને કેટલા વાગ્યે મળેલી તે જણાવેલ નથી. ફરિયાદમાં પોલીસ સ્ટેશનેથી કેટલા વાગ્યે નીકળેલા તે પણ જણાવેલ નથી. વધુમાં આ કામે આરોપીના પ્રત્યેક્ષ કબજામાંથી મુદ્ધામાલ દારૂનો વાશ પકડાયેલ નથી. જગ્યાની માલીકીનો પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી.

(૯) આમ, ઉપરોક્ત રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરતાં ગુનો જે સ્થળ ઉપર બનેલ છે તે સ્થળ જાહેર હોય તેમજ આજુબાજુ રહેણાંકના મકાન હોય તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદન તપાસ કરનાર અધિકારીએ નોંધેલ નથી તેમજ તપાસ કરનાર અધિકારી દ્વારા જે જગ્યા પરથી દારૂ કબજે કરવામાં આવેલ છે તે હાલના આરોપીની માલિકીની હતી તે બાબત પણ રેકર્ડ પર આવેલ નથી. વધુમાં પંચનામાં મુજબના પંચને તપાસતા તેઓ પણ જણાવે છે

કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી અને એ સિવાય તેઓ બીજું કશું જ જાણતા નથી તેમજ પંચનામાના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. વધુમાં સ્થળ ઉપરથી કબજે લીધેલ કહેવાતું પ્રવાહી પ્રતિબંધીત દારૂ ગાળવાનો વાશ હતો કે કેમ તે સાબીત કરવા માટે કોઈ ન્યાય પ્રયોગ શાળા (F.S.L) નો રીપોર્ટ રજુ થયેલ નથી. વધુમાં આરોપીના કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ નથી. આમ, રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પોલીસ સાહેદની જુબાનીને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી. જેથી ફક્ત પોલીસ સાહેદની જુબાની આધારભૂત ગણી શકાય નહી. આમ, રજુ થયેલા પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા હોય જેથી મુદ્દા નંબર– નં.૧ નો નિર્ણય ''**નકારમાં**'' આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**ઃ:ઃ:હુકમઃ:ઃ:**

(૧) આ કામના આરોપી છનાભાઈ નાનુભાઈ પગી ઉ.વ.૩૨ રહે–પગીવાસ, શિયાળ, તા.બાવળા, જી.અમદાવાદ ગ્રામ્યનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે પ્રોહિ.એક્ટની કલમ–૬૫(એફ)મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(ક)ની જોગવાઈ મુજબ જામીન આપવા જેનો અમલ ૬ માસ સુધી રહેશે.

(૩) આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૩/૨૦૨૩
સ્થળ:બાવળા

**(મિતેષ ભરતકુમાર મહેતા)**
એડીશ્નલ સીવીલ જજ અને,
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
બાવળા, જિ.અમદાવાદ.
(Judge Code: GJ:01396)